ગાંધીનગર સમાચાર

તા. ૬-૭-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ગુજરાત માટે ગૌરવપ્રદ

અનેક સંદર્ભે રાજીપો અનુભવાય એવા સમાચાર છે - સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી) ની પરીક્ષામાં પહેલાં પાંચ પૈકી ચાર સ્થાનો દીકરીઓએ કબજે કર્યા છે. એમાં પણ પહેલાં ક્રમે આવનારી ઈરા માત્ર ૨૯ વર્ષની છે અને ૬૦ ટકા વિકલાંગ છે. અલબત્ત આ પહેલાં એ ત્રણ વાર યુપીએસસીની પરીક્ષા પાસ કરી ચૂકી હતી અને અત્યારે ઈન્ડિયન રેવન્યૂ સર્વિસ માટેની ટ્રેનિંગ લઇ રહી છે. કેરળની રેણુએ પ્રથમ પ્રયાસમાં જ બીજો ક્રમ મેળવી વિક્રમ સર્જ્યો છે. દિલ્હી નિવાસી નિધિ કસ્ટમ એન્ડ એકસાઈઝ વિભાગમાં આસિ. કમિશનર છે. ચોથા નંબરે રહેનારી વંદના રાવ ત્રીજા પ્રયત્ને પાસ થઈ છે અને ઓબીસીમાં સર્વોચ્ચ સ્થાન પર આવી છે. બિહારના આઈઆઈટી કેમિકલ ઈજનેર પાંચમા ક્રમે આવે છે. આનંદ એ વાતનો કે આપણી નારીશક્તિ સાચા અર્થમાં એની ગરિમાનો પરચો બતાવી રહી છે. ગુજરાતના માથે દાયકાઓથી મહેણું રહ્યાં કર્યું છે કે આ વેપારી પ્રજા સારા ડૉકટરો-ઈજનેરો તો આપી શકે છે પરંતુ સનદી અધિકારીઓ આપવામાં સૌથી પાછળ રહી છે. એનું સૌથી મોટું કારણ ગાંધી-મોરારજી પ્રભાવ હેઠળનું 'મગન માધ્યમ' - અર્થાત્ માતૃભાષામાં શિક્ષણ ગણાતું રહ્યું છે. એની સામે પછાત ગણાતા બિહાર-ઉડિસા જેવા પ્રદેશોમાં આકરી મહેનત કરીને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં રહ્યાં છે. સનદી પરીક્ષાઓ પ્રાદેશિક ભાષાઓમાં લેવાવી જોઈએ એવી માગણી પણ વર્ષોથી થતી રહી છે. ગુજરાતના વિદ્યાર્થીઓને આ વહીવટી નોકરીઓ માટે ઉચ્ચ પરીક્ષાઓમાં બેસવા માટે અનેક સંસ્થાઓ પ્રોત્સાહિત કરતી રહી છે. જેમાં 'સ્પીપા' સૌથી મોખરે છે. વિવિધ જ્ઞાતિ અને સમાજ પ્રેરિત સંસ્થાઓ પોતપોતાની વિદ્યાસંસ્થાઓમાં આઈએએસ ટ્રેનિંગ સેન્ટરો કે કોચિંગ કલાસ ચલાવે છે. એ બધાની ફલશ્રુતિ લેખે વરસો વરસ ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને આકરી મહેનત કરીને ઘણા ધાર્યું પરિણામ પણ મેળવી રહ્યા છે. કુલ પાસ થયેલ ૧૨૩૬ ઉમેદવારોમાં ૧૯ ગુજરાતીઓ છે, તે આંકડો ભલે નાનો લાગતો હોય, પરંતુ સમૂળગું મીડું હતું ત્યાં હવે ધીરે ધીરે ગુજરાતીઓનો પ્રવેશ ચાલુ થયો છે, એટલો સંતોષ જરુર લઈ શકાય. વળી પહેલાં ૧૦૦ પૈકી ૩ ગુજરાતીઓ છે, જેમને આઈએએસમાં જ સ્થાન મળશે. ક્રમાનુસાર પાછળ રહેનારાઓ આઈપીએસ, આઈએફએસ અને આઈઆરએસ તથા પોસ્ટલ સેવાઓમાં નોકરી મળતી હોય છે. ગુજરાતના સફળ ઉમેદવારોમાં ગારિયાધાર (સૌરાષ્ટ્ર)નો ધરતીપુત્ર અનિલ ધામેલિયા મોખરે છે. દેશમાં એ ૨૩માં ક્રમે રહ્યો છે. ઈસનપુરમાં રહેતો મિહિર પટેલ ૨૭માં ક્રમે પાસ થયો છે. ગુજરાતમાં ત્રીજા ક્રમે રહેનાર રાજેન્દ્ર પટેલ પણ ખેડૂત પુત્ર છે. ગુજરાતમાં આઈપીએસ અધિકારી એન.ડી. સોલંકીની પુત્રી રજતનીલ સોલંકી ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં અથવા ઈન્ડિયન ફોરેન સર્વિસમાં કારકિર્દી બનાવવા માગતી હોવાનું જાણવા મળે છે. સાડા ચાર લાખ કરતાં વધું પરીક્ષાર્થીઓમાંથી ૧૨૩૬નું મેરિટ લિસ્ટ બનાવાયું છે. એમાં કડી કેમ્પસના આઈએએસ ટ્રેનિંગ સેન્ટર સાથે જોડાયેલાં બે વિદ્યાર્થીઓ સફળ થયેલ છે. 'ગાંધીનગર સમાચાર'ના યુવા કટાર લેખક ઉત્સવ પરમારે પણ ૧૦૭૫મા ક્રમે સફળતા હાંસલ કરી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે મોટા ભાગના ગુજરાતી વિદ્યાર્થીઓએ પોતે ગુજરાતી વિષય સાથે સ્નાતક નહીં થયા હોવા છતાં મુખ્ય વિષય તરીકે 'ગુજરાતી સાહિત્ય' પર કળશ ઢોળેલો છે. શું ગુજરાતી ભાષાના શંકાસ્પદ ગણાતા ભવિષ્ય માટે આ બાબત એક આશાનું કિરણ નથી? આપણે આશા રાખીએ કે ગુજરાતી સાહિત્યનો વિષય રાખી સનદી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ એમની વહીવટી કારકિર્દી દરમિયાન માતૃભાષાનું ઋણ ઉતારવાનું નહીં જ ભૂલે તમામ સફળ વિદ્યાર્થીઓને અંતઃકરણની શુભેચ્છાઓ.

કવિતાના કલ્પવૃક્ષ સમા એક સમર્થ કવિને માણવા-પ્રમાણવા આવો મળીએ સાત રંગના સરનામે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

'મારી કવિતા એ
મેં વિશ્વના હોઠ પર કરેલું ચુંબન છે.'

એમક કહીને પોતાની કવિતાની વ્યક્તિતા અને વ્યાપકતાને ચીંધતા તેમજ વિશ્વની સરહદ સુધી વિસ્તરતા કવિ રમેશ પારેખ, ગુજરાતી ભાષાના સર્જકતાથી સમૃદ્દ અને સત્વશીલ કવિ છે.

રમેશ પારેખ ગુજરાતી સૌંદર્યરાગી કવિતાનો એક મહત્ત્વનો મુકામ છે. એમની કવિતા રાજેન્દ્ર - નિરંજન પછીની ગુજરાતી સૌંદર્યાભિમુખ કવિતાનું એક મહત્ત્વપૂર્ણ સ્થિત્યંતર છે. આ કવિની સંવેદન સમૃદ્ધિ અને અભિવ્યક્તિની સિદ્ધિ એમને આધુનિક કવિતાક્ષેત્રે આગવું સ્થાન અપાવે છે. વિષયનું વૈવિધ્ય અને અભિવ્યક્તિનું વૈશિષ્ટય એમની નોખી-નિરાલી કવિમુદ્રા ઉપસાવે છે. તેથી જ રમેશ પારેક રુપી છ અક્ષરનું નામ ગુજરાતી કાવ્ય સાહિત્યને ન્યાય કરે છે અને કવિતાના ઈતિહાસમાં નીજી સ્થાન અંકે કરે છે એવું નિવેદન કરતાં રમેશ પારેખના 'કયાં' (૧૯૭૦) થી આરંભીને 'કાળ સાચવે પગલાં' (૨૦૦૯ મરણોત્તર) સુધીનાં સંગ્રહોમાં સમાવિષ્ટ હજારેકથી પણ વધુ કાવ્યોમાંથી સો સવા સો કાવ્યોનું સંપાદન કરતાં કેવી કસોટી થાય છે અને તેમાં કેવી મીઠી મુઝવણ અનુભવીને તેની વાત સંપાદક તરીકે કવિ નીતિન વડગામાએ કરી છે. તેની વાત આજે આપણે કરીશું.



'સાત રંગના સરનામે' નામે થયેલા સંપાદનમાં રમેશ પારેખના કાવ્યસંગ્રહો કયાં, ખડિંગ, ત્વ, સનનન, ખમ્મા, આલા બાપુને, મીરાં સામે પાર, વિતાન સુદ બીજ, લે તિમિરા! સૂર્ય..., છાતીમાં બારસાખ,સ્વગત પર્વ, કાળ સાચવે પગલાંમાંથી સંપાદકે ૧૨૫ જેટલાં કાવ્યોને પસંદ કર્યા છે. આ એ કવિ છે જેના જન્મદિવસે મોરારિ બાપુની પ્રેરક ઉપસ્થિતિમાં તેની સમગ્ર કવિતાના ગ્રંથ 'છ અક્ષરનું નામ' હરીન્દ્ર દવે હસ્તે વિમોચન થયું હતું અને વિશેષ ગૌરવપ્રદ વાત તો એ હતી કે અમરેલીના નગરજનોએ કાવ્યગ્રંથને હાથીની અંબાડી પર માનભેર સ્થાન આપીને એની શોભાયાત્રા કાઢી હતી. કવિ રજૂઆતના રાજવી હતા. તેમની ઉપસ્થિતિથી કવિ સંમેલનની શોભા અને સમૃદ્ધિમાં ઉમેરો થતો અને અભિવ્યક્તિથી પ્રાણ પુરાતો. કવિના ખુબ જ જાણીતા 'વરસાદ ભીંજવે' ગીતમાં, પ્રકૃતિ અને પ્રણયની સમાંતરે થતી આકર્ષક અભિવ્યક્તિ ભાવકના ભીતરને પણ ભીંજવે છે.

આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે,
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે.

રમેશ પારેખ કવિ કર્મની સાથે જ કવિના ધર્મને પણ સમજી સ્વીકારીને શબ્દ બ્રહ્મની ઉપાસના કરે છે. અને તેથી એમની કવિતા પણ જગતને જગાડતી હોવાના જીવતા પુરાવાઓ આપણને આપે છે.

'નથી સમાતો આજ હવે તો
હું આ મારા છ અક્ષરમાં'

એવું આત્મપ્રતીતિ પૂર્વક ઉચ્ચારનારા કવિ સતત લખતા રહ્યા છે. નારી હૃદયના ઉત્કટ પ્રેમભાવનું રોમેન્ટીક આલેખન કરતાં અનેક ગીતો કવિની સ્વકીય મુદ્રા ઉપસાવે છે. જેમ કે -

એક છોકરીના હાથથી રુમાલ પડે,
તે લોવા આખુંય ગામ વળે નીચે,
જુવાન આંખ ફાડે, બુઢ્ઢાઓ આંખ મીંચે...!

આવા ગીતોમાં કવિનું કૌતુક રાગી અને રંગદર્શી વલણ એમની પાસેથી આવાં અનેક ગીતો સંપડાવે છે. આ પ્રકારના ગીતોમાં પ્રણયની વિભિન્ન ભાવ મુદ્રાઓ કાવ્યાત્મક રુપે ધરે છે. 'કુંવારી છોકરીનું ગીત,', 'કૈંક લીલું ચટ્ટાક', 'ફાગણના દિવસોમાં', 'તારું પહેલા વરસાદ સમું આવવું.' જેવાં અનેક ગીતોમાં પ્રણયના વિવિધ ભાવ આંદોલનોનું પ્રગટીકરણ થયેલું જોઈ શકાય છે. રમેશ પારેખની ગઝલોમાં આધુનિક સંવેદના કે નગર સંવેદના સ્વાભાવિક રીતે જ વિશેષભાવે પ્રગટ થતી હતી. માણસના અસલી ચહેરા પર નકલી મ્હોરાં પહેરાવી દેતા નગરને તાકીને કવિએ જ ઉપાલંભ કર્યો છે તે ખુબ જાણીતો છે.

'આ શહેર તમારા મનસૂબા
ઉથલાવી દે, કહેવાય નહીં,
આ ચહેરા પર બીજો ચહેરો,
ચીપકાવી દે, કહેવાય નહીં.'

કવિ જીવન ચિંતનમાં સંવાદિતા અને સમરસતાના સૂર છેડે છે. સીધી-સાધી ભાષામાં તત્ત્વદર્શન પ્રગટાવતાં આ શેર જૂઓ -

ફૂલ સમી હું દૃષ્ટિ ફેકું,
મને મળે ગજરો ઉત્તરમાં,

●●●

'સાંઈ તને જો રંગની સમજણ
લગીર હોત,
તું યે વણે છે વસ્ત્ર તો તું પણ કબીર
હોત.'

કવિની ગઝલોમાં ઘણીવાર ગીતનું સાજુક્ય રચાતું હોય એવું લાગે. કવિની ખુબ જાણીતી આ રચના તેનું જીવંત ઉદાહરણ છે.

આ મન પાંચમના નેળામાં સૌ જાત
લઈને આવ્યા છે,
કોઇ આવ્યા છે સપનું લઈને, કોઇ રાત લઈને આવ્યા છે.

તેથી સુરેશ દલાલે સાચું જ કહ્યું છે કે 'રમેશ પારેખની કવિતામાં અનુભવાતી અનુભૂતિની વ્યાપકતા - વિપુલતા અને અભિવ્યક્તિની વિલક્ષણતા એમને 'મેજેર પોએટ' નો દરજ્જો અપાવે છે.' આ સંપાદનમાં વિષય વૈવિધ્ય, સારુપ વૈવિધ્ય અને અભિવ્યક્તિના વૈશિષ્યને અનુલક્ષીને સંપાદકને સ્પર્શી ગયેલી કાવ્યોનું આ સંપાદન ગુજરાતી સાહિત્યના એક સમર્થ કવિને માણવા પ્રમાણવામાં ઉપયોગી થાય તેવું છે. સંપાદકને અભિનંદન.

સાતરંગના સરનામે (રમેશ પારેખનાં કાવ્યો)
સંપાદક - નીતિન વડગામા
પ્રકાશક - ડિવાઈન પબ્લિકેશન્સ
૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ
જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ
કિંમત - રૂા. ૧૫૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

જો કોઇ લિફ્ટમાં હુમલો કરે તો બધી સ્વીચ એક સાથે દબાવી દો, લિફ્ટ દરેક ફલોર પર રોકાવા લાગશે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

દરરોજનાં વધતા અપરાધ, લૂંટ, ધાડ, મારામારી, દગાબાજી, બળાત્કાર, ખૂન વગેરે ઘટનાઓને લીધે માનવીના જીવનમાં ભય પ્રવેશી ગયો છે. માનવી કયાંક તો પોતાની સમજણ અને ચાતુર્યને લીધે ચાંદતારાઓ સુધી પહોંચી ગયો છે અને કયાંક પોતાના ઘૃણાજનક અપરાધોને લીધે પોતાના જ સમાજને જંગલ કરતા પણ વધુ ખરાબ બનાવી દેતો હોય છે. આજે માનવી પોતાના નાનકડા સ્વાર્થ ખાતર કોઈનું પણ અનિષ્ટ કરી શકે છે.

એ જ કારણ છે કે આજે કોઇ પણ સુરક્ષિત નથી. મહિલાઓ તો જરા પણ નહિ. એવા સંજોગોમાં કોઈ મહિલા એવું વિચારી જ ન શકે કે મારી સાથે આવી ઘટના બનશે કે નહીં. આવું તો કોઈની પણ સાથે બની શકે છે.

યાદ રાખો કે આવી સ્થિતિમાં તમે જ તમારી સુરક્ષા સારી રીતે કરી શકો છો. જો તમે તમારી પોતાની સુરક્ષા જાતે ના કરી શકતા હોય તો શહેરની મુઠ્ઠીભર પોલીસ આખા શહેરની સુરક્ષા કેવી રીતે કરી શકે? ઘર હોય, ગલી હોય, જાહેરમાર્ગ હોય કે ગાડી હોય, તમારા માટે ગમે ત્યાં ખતરો ઊભો થઈ શકે છે. આથી, તમારા આંખ અને કાન હંમેશા ખુલ્લા રાખો. મહિલાઓ સાથે ઘટતા અપરાધોના નિષ્ણાતો માને છે કે તે પૂર્વ નિર્ધારિત હોતા નથી. પરંતુ એવી પરિસ્થિતિઓ જેવી કે રાત્રિના સમય દરમિયાન સડક પર એકલા ચાલવું, સવારીની રાહ જોતાં ઊભાં રહેવું વગેરે અપરાધોને જન્મ આપે છે. આવી પરિસ્થિતિમાં મહિલાઓને સમજદારી, આત્મવિશ્વાસ અને પોતાનાં બચાવનો પાકો ઈરાદો હોવો એ બધી વાતોનો ખ્યાલ રાખવો ખૂબ જ જરુરી છે.

આવી જ પરિસ્થિતિથી બચવા તેમજ તેનો સામનો કરવા માટે બીજી ઘણી વાતોનો ખ્યાલ રાખવો જરુરી છે.

બહાર જતા પહેલા સ્થિતિનો સામનો કરતા શીખો. એકાંત જગ્યા પર કોઈ અપરાધી દ્વારા ઘેરાઈ જાવો અથવા પકડાઈ જાઓ ત્યારે હાથપગથી મારામારી કરવાને બદલે તેનું ધ્યાન બદલીને ભાગવાનો પ્રયત્ન કરો. જો ભાગવામાં સક્ષમ ન હો તો આજુબાજુ કશેથી ધૂળ અથવા જે પણ મળે તે એની આંખમાં નાખી દો જેથી તમને બચવા માટે સમય મળે. ઘરની બહાર જતા પહેલા પોતાની સાથે હંમેશા ચીલી સ્પ્રે રાખો કે જેથી હથિયાર ન મળતાં હમલાખોરની આંખમાં નાંખી દેવાય.

ઘરે તમારા મિત્રોની મદદથી અપરાધી દ્વારા પકડાઈ જાઓ તેવાં સંજોગોમાં છૂટકારો કેવી રીતે મેળવશો એનો અભ્યાસ કરો અને સમજો કે કઈ રીત એવી છે જે તમને અપરાધની પકડમાંથી એકદમ મુક્તિ અપાવી દેશે. જેમ કે તે તમારું કાંડુ પોતાના હાથમાં મજબૂતથી પકડી લે તો ઝડપથી તેના અંગૂઠાની તરફ તમારું કાંડુ વાળો. આવુ કરવાથી તમે તમારી જાતને તેની પકડમાંથી છોડાવી શકશો.

એકલા ચાલતી વખતે, ટેકસી શોધતા હો તે બસની રાહ જોતા હો ત્યારે સાવધાન રહો. તમારી આજુબાજુ ધ્યાન રાખો અને જો નજીકમાં કોઈ વ્યક્તિ તમને એકલા જોઈને તમારામાં વધુ રસ લેતી હોય તો ભીડવાળા સ્થળ પર ચાલ્યા જવું. જોઈએ અને પોલીસને ફોન કરવો અથવા મેસેજ કરવો. હવે તો મહિલા સુરક્ષા માટે અલગ મંડળ બનાવવામાં આવ્યું છે. તેમાં પણ ફોન કરી મદદ લઈ શકો અથવા જો ફોન ન હોય તો હુમલાખોરને ખબર ન પડે એ રીતે એની આંખમાં તમારી પાસે રહેલ ચીલી સ્પ્રે છાંટો.

સવારે ઓફિસ જતા પહેલાં અંધારા રુમમાં લાઈટો ચાલુ કરી, બારીઓના પડદા હટાવી દો કારણ કે જો કોઈ ઘરમાં ઘૂસસે તો સૌપ્રથમ લાઈટ તેમજ પડદા બંધ કરશે. આવા સંજોગોમાં ઘરમાં ઘૂસવાની સાથે તમને ખ્યાલ આવી જશે કે ઘરમાં કોઈ ઘૂસ્યું છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

દુનિયા કેવા પ્રકારના માણસો ચલાવે છે અને કેવા પ્રકારના માણસોનું ચલણ વધારે છે એ સમાજશાસ્ત્રીઓએ વિચારવાનો વિષય છે

ડાહ્યા ગાંડા કે ગાંડા ડાહ્યા...

કટાક્ષિકા

- બિપિન ત્રિવેદી

અમારામાં હંમેશા નવરાશની પળોમાં અને ખાસ કરીને ચા પીધા પછી આજના સમાજ જીવનનું ચિંતન કરતાં કરતાં ઘણાં ઊમદા વિચારો પ્રગટ થતાં હોય છે. આ અમારી હોબી હોય એવું અમને લાગે છે. જો કે બીજા લોકોનો અમારો વિષે અલગ મત હોઈ શકે છે. અમારા છેલ્લા નિરીક્ષણ મુજબ સમાજમાં ચાર પ્રકારના માણસો જોવા મળે છે. આમાં બહુમતિ કેવા પ્રકરના માણસોની છે, દુનિયા કેવા પ્રકારના માણસો ચલાવે છે અને કેવા પ્રકારના માણસોનું ચલણ વધારે છે એ સમાજશાસ્ત્રીઓએ વિચારવાનો વિષય છે.

અમારા મતે આ ચાર પ્રકારના માણસો પૈકી એક છે ડાહ્યા માણસો, બીજા છે ગાંડા માણસો, જયારે ત્રીજા પ્રકારનાં ડાહ્યાં ગાંડા કે ગાંડા ડાહ્યા માણસો આવે છે. ઉપરના ત્રણ સિવાયના તમામ દોઢડાહ્યામાં આવે છે. બોલો તમારું શું કહેવું છે? દો તાળી,

ઓશો, જે. કૃષ્ણર્મુતિ, બુદ્ધ, મહાવીર, જીસસ કે મોહમ્મદ જેવા પ્રબુદ્ધ લોકોની વાણીની કિંમત હોય છે. તેઓએ સમાજને આપ્યું જ છે અને લીધું કશું જ નથી. આવી ચેતનાઓ સમાજને મૂઢતામાંથી જગાડવા માટે આવતી હોય છે. તેમની હયાતી વખતે હોય તેનાં કરતાં પણ વધુ જરુરત તેમની હયાતી બાદ અનુભવાય છે. આજે વરસો પછી પણ શ્રીકૃષ્ણ એ અર્જૂનને આપેલા ઉપદેશનું ભગવદ્ ગીતા સ્વરુપે પઠન અને પાઠન થાય છે તથા તેના પર અનેક સંતો અને વિદ્વાનો અલગ અલગ દૃષ્ટિકોણથી પ્રવચન આપતાં હોય છે. આ પ્રકારના માણસો તેમના વાણી અને વર્તન પરથી અલગ તરી આવતાં હોય છે. આવા લોકો રેર કેસમાં જ જન્મ ધારણ કરતાં હોય છે. તેવા લોકોએ આપેલા પ્રદાનના કારણે તેમને અમે ડાહ્યા માણસોમાં ગણીએ છીએ.

જયારે ગાંડા માણસો તેમના વાણી, વર્તન અને દેખાવ પરથી સ્પષ્ટ પણે ઓળખાણ તેવાં હોય છે. તેમને પોતાના દેહનું, અવસ્થાનું કે શું બોલે છે તેનું પણ ભાન હોતું નથી. તેઓ ગમે ત્યારે ગમે તેવું વર્તન કરી નાખતાં હોય છે. તેઓ સમાજને કશું આપતા નથી, તો સમાજને નડતા પણ નથી હોતા. તેઓએ અભાન અવસ્થામાં કરેલું નુકશાન પણ લોકો સમજીને માફ કરી દેતાં હોય છે. તેમની હાજરીની કે અવસાનની નોંધ લેવાની લોકોને ફૂરસદ પણ કયાં હોય છે. હા કેટલાંક માનવતાવાદી અને પરોપકારી લોકો તેમની કાળજી લેતાં હોય છે ખરાં.

ત્રીજા... ડાહ્યા ગાંડા કે ગાંડા ડાહ્યા પ્રકારના માણસોને આઈડેન્ટીફાય કરવાનું કામ ઘણું મુશ્કેલ પડે તેવું હોય છે. આમ આદમીથી માંડી અને ખાસ આદમી તથા સરકારી તંત્રના કારકૂન, પટાવાળા અને ઉચ્ચ અધિકારીઓથી માંડી અને મોટા મંત્રી, તંત્રી, સંત્રી, બિલ્ડરો અને લશ્કરના અધિકારીઓ સુધીના તમામ પ્રકારના લોકો પૈકી ઘણાંઓનો સમાવેશ આ પ્રકારમાં થઈ શકે તેમ છે.

ઘણા આવા પ્રકારના લોકો વાણી, વર્તન અને દેખાવ પરથી સારા અને સજ્જનમાં ગણના થાય તેવાં હોય છે. તેઓ સમાજની કોઈને કોઈ કામગીરી સાથે જોડાયેલાં રહેતાં હોય છે અને પોતાની ફરજો બજાવતાં હોય છે. સામાન્યપણે સમાજમાં આવા લોકોની ગણના ડાહ્યા માણસોમાં થતી હોય છે. સામાન્ય કારીગર કે મજૂરથી માંડી અને ઉચ્ચ હોદ્દા પર શોભાયમાન લોકો પૈકી પણ ઘણા લોકોનો સમાવેશ આમાં થતો હોય છે. ઘણા આવા લોકો પાંચમાં પૂછાય તેવા હોય છે. સમાજને આપતાં આપતાં કયારેક પાછલા બારણે કે આગલા બારણે લઈ લેવામાં આ પ્રકારના લોકો પારવધા હોય છે. આવા લોકોથી અન્ય લોકોને કંઇ પણ પ્રકારની પરેશાની થતી હોય તો પણ કોઇ તેમનું કંઇ ઉખાડી શકતું નથી હોતું કે તેમને જલ્દીથી ઉખાડીને બીજે કયાંક ફેંકી શકાતા નથી હોતા. તેમને ઉખાડીને જયાં પણ ફેંકવામાં આવે ત્યાં પણ તેઓ તેમનો પરચો દેખાડતાં રહેતાં હોય છે. આવા લોકો માટે કહેવાય છે કે તેમને સ્થળ પરથી ઉઠાવી અને જળ પર મૂકવામાં આવે તો ત્યાં પણ તેઓ મોજા ગણીને પોચાનો પરચો બતાવતાં હોય છે. સમાજને આપવાનો દેખાવ કરીને સમાજનું ઊસેડી લેવામાં આવા લોકોને કોઈ પહોંચી શકતું હોતું નથી. ઘણી વખત તો કાયદો તેમનાથી કયાંક પાછળ પાછળ અને તેઓ કાયદાથી ઘણા આગળ આગળ ચાલતા હોય તેવું લાગતું હોય છે. સદીઓથી આ સમાજને આવા પ્રકારના લોકો જ નડતાં આવ્યાં છે. એમને શું ગણવા ડાહ્યા ગાંડા કે ગાંડા ડાહ્યા.

બાકી રહ્યાં છુપા રહી શકે નહીં એવા દોઢડાહ્યા પ્રકારના માણસો. આ લોકો તેમના વાણી અને વર્તન પરથી ઝટ ઓળખાય જાય એવા હોય છે. આ પ્રકારના લોકોનું લેફટ બ્રેઈન બીજા બધાં કરતાં ઘણી ઝડપથી ચાલતું હોય છે. તેઓ કોઈને ઉપયોગી થવા જાય તો પણ નુકશાન કરી બેસતા હોય છે. મજાકમાં એવું કહેવાય છે કે આવા લોકોના કપાળમાં ડાહ્યા માણસો કરતાં દોડ કરચલી વધારે પડતી હોય છે. એમના એક વખતના અનુભવ પરથી સામાન્યપણે લોકો ત્રણ પ્રતિજ્ઞા લઈ લેતા હોય છે. એક તો... બની શકે ત્યાં સુધી એમની હડફેટે ના ચઢવું. બીજું, જો તેઓ ભ્રમણ કક્ષામાં આવી જાય તો એમને યેનકેન પ્રકારે ડાયવર્ઝન આપી દેવું. અને તીસમી કસમ... જો કોઈ સારા અને અગત્યના પ્રસંગે ભૂલથી પણ આવા લોકો આવી ચઢે તો, તેમને કઇ રીતે યુક્તિ વાપરી અને કળ યા જરુર પડે તો બળપૂર્વક પણ તગેડી મૂકવા, તે અંગેના માસ્ટર પ્લાન આ બાબતના નિષ્ણાતોની મદદ લઈને ઉગાઉથી ઘડી કાઢવો.

ડાહ્યા માણસોથી દુનિયા ટકી છે અને ટકશે. તેઓ સદાય વંદનીય છે. ગાંડા માણસો સહાનુભૂતિને પાત્ર હોય છે અને સમાજ તેમને સહી લેતો હોય છે. દોઢડાહ્યા માણસોને અનિવાર્ય અનિષ્ઠ ગણવા રહ્યા. જયારે ડાહ્યા ગાંડા કોને ગણવા અને ગાંડા ડાહ્યા કોને ગણવા એ મુંઝવતો સવાલ છે. જયારે જયારે ઈતિહાસ ઉપર નજર કરીએ છીએ અને વિશ્વમાં થયેલા નાના મોટાં યુદ્ધો અને તેમાં થયેલી ખુવારીઓ તથા યુદ્ધ કેદીઓ ઉપર થયેલાં અત્યાચાર વિશે વાંચીએ છીએ ત્યારે જરુર એ પ્રશ્ન થાય છે કે આ યુદ્ધના નિર્ણય લેનાર ડાહ્યા ગાંડા હતા કે ગાંડા ડાહ્યા હતા? એવું જ અત્યારે મોટા મોટા ભ્રષ્ટાચારીઓ, માફિયાઓ, લોકોને છેતરતાં બિલ્ડરો, ચેઈન સ્નેચરો, બાળકીઓને દેહવિક્રયના ધંધા માટે ઉઠાવીને લઈ જતા ગુનેગારો, સટ્ટા, જુગાર, શરાબ અને ડ્રગ્સની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો અને યુવતીઓની છેડતી અને શોષણ કરનારા તથા બળાત્કાર કરનારા સમાજના પ્રખ્યાત મોટાં કે નાનાં માથાંઓ વિશે વાંચીએ છીએ ત્યારે તેમનાં વિષે શું કહેવું? ડાહ્યા ગાંડા કે ગાંડા ડાહ્યા...

વ્હાલા વાંચક ! તને શું લાગે છે? તું ઉપરના પૈકી તારી જાતને કયા પ્રકારમાં મૂકે છે, તે જરુરથી વિચારી અને નક્કી કરજે.

સર્વોચ્ચ અદાલતે ફરજિયાત મજૂરી અને વેઠપ્રથા પર પ્રતિબંધ મૂકતો સીમાચિન્હ રૂપ ચુકાદો આપેલ છે, પરંતુ આમ છતાં આ પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થયેલ છે તેમ કહી શકાય નહીં

મહિલા સમાજ અને કાયદો

- ડો. ભાવના કે. જોશીપુરા



આપણે વેઠપ્રથા વિશે વાત કરી રહયા હતા. આમ તો 'વેઠ' શબ્દ બહુ પ્રચલિત છે. વેઠ કરાવે છે. 'વેઠ કરાવવી', આ બધા શબ્દો આપણી રોજિંદી ભાષામાં બહુ સહજ રીતે આપણે ઉપયોગ કરતા હોઈએ છીએ. પરંતુ આ 'વેઠ' એટલે શું ? 'વેઠપ્રથા' માં કઈ રીતે કામ કરાવતા હશે? આ બધી બાબત વિશે વિચાર કરીએ ત્યારે જે આપણા મનને સહજ રીતે જ સમજાય છે કે,

ગ્રામ્ય વિસ્તારોમાં ઘણી મોટી સંખ્યા જમીન વિહોણાં લોકોની રહેલી છે. આ જમીન વિહોણા શ્રમિકો અને ખેતમજૂરોને માલિકો, 'બોન્ડેડ લેબર', 'વેઠીયા મજૂર', તરીકે રાખે છે. 'વેઠપ્રથા' ની ખાસીયત એ છે કે પરીવારમાં વડીલથી લઈ બાળકો સુધી આખો પરીવાર કોઈપણ પ્રકારનાં કામનાં નિશ્ચિત કલાકો સિવાય કામ કરે છે. કામનાં કલાકો તો ઠીક પરંતુ પૂરતા પ્રમાણમાં વેતન પણ મળતું નથી અને સામાજિક સુરક્ષાનો તો સવાલ જ ઉપસ્થિત થતો નથી. આ સ્થિતિ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળે છે.

ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૧૯ અને ૨૧માં શ્રમિકોને યુનિયન રચવાનો અને દરજજા યુકત જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. પરંતુ જમીન વિહોણાપણાની સ્થિતિમાં આ અધિકારો કે કાયદાની જોગવાઈઓનો સ્વાભાવિક જ અમલ કરાવવો ખૂબ જ અઘરો છે.

'વેઠપ્રથા' અને 'વેઠ' મજૂરોની મોટી સંખ્યામાં અને મજૂરીમાં જોવા મળે છે. વેતનની કડવી વાસ્તવિકતા એવી હતી કે થોડા વર્ષો એ રૂ. ૧૦ થી ૨૦ વચ્ચેનું દૈનિક વેતન મળતું હતું. આ તત્વાવધાનમાં જોવા જઈએ તો આ પ્રથા સંપૂર્ણપણે અમાનવીય છે. માનવ અધિકારનાં હનન સમાન છે. વેઠપ્રથા એટલે શોષણ અને શોષણ સિવાય કશુ નહીં અને જ તેથી જ વેઠપ્રથા નાબૂદી અભિમાન શરૂ થયું.

'વેઠપ્રથા'ના ઈતિહાસ તરફ જોઈએ તો આ પ્રથા એટલી વિચિત્ર હતી કે વેઠીયા મજૂર તરીકે કામ કરનારના પિતા કે દાદા એ કરજ લીધું હોય, કોઈ વાતે બોલી આપી હોય, મજબૂરીમાં કામ કરવા બંધાયેલ હોય તો પેઢી દરપેઢી, 'વેઠપ્રથા' માટે આ પરીવાર બંધાયેલો રહેતો અને 'વેઠપ્રથા' એક પ્રકારે ગુલામીનું આધુનિક સ્વરૂપ બની ગયેલ હતું. આથી જ બોન્ડેડ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ-૧૯૭૯ અસ્તીત્વમાં આવેલ છે. આ સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતની ભૂમિકા અત્યંત પ્રશંસનીય રહી છે અને સર્વોચ્ચ અદાલતે ફરજિયાત મજૂરી અને વેઠપ્રથા પર પ્રતિબંધ મૂકતો સીમાચિન્હ રૂપ ચુકાદો આવેલ છે. પરંતુ આમ છતાં આ પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થયેલ છે તેમ કહી શકાય નહીં.

આ કાયદાની મુખ્ય જોગવાઈઓમાં 'વેઠપ્રથા' અંગેનો કોઈપણ કરાર સંપૂર્ણ ગેરકાયદેસર છે, અને હોય તે રદ અને બિનઅસરકારક બને છે. વેઠીયાઓની જપ્ત કરેલી મિલકત કાયદાની અમલવારીના ૩૦ દિવસમાં પરત આપવી. તેઓ જયાં રહેતા હોય ત્યાં મકાન ખાલી ન કરાવવું અને આ કાયદાના અમલ માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને જવાબદારી આપવામાં આવી છે.

આ કાયદાની દંડાત્મક જોગવાઈઓ ગુનો પોલીસ અધિકાર ક્ષેત્રનો છે અને ત્રણ વર્ષ સુધીની કેદની અને રૂ. ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરાં) નાં દંડની જોગવાઈ છે.

વેઠપ્રથા નાબૂદી અંગેનો કાયદો જરૂર આવ્યો છે પરંતુ હમણાંની જ એક ઘટના યાદ કરું તો, સરલા પાંચ વર્ષની હતી ત્યારથી તેણીની માતા સાથે ઘરકામ કરવા જતી હતી. પાંચ વર્ષની દિકરી કામ તો શું કરે પરંતુ માની સાથે જાય અને માં ને નાની અને પરચુરણ બાબતમાં મદદરૂપ થાય પણ ખરી અને ન પણ થાય. પરંતુ માં ને કામ કરતા સતત જોવાનું થાય જે ઉંમરે રમવાનું અને ભણવાનું હોય તે ઉંમરે ઘરકામમાં માં સાથે જવાનું હોય તેવી તો અનેક દિકરીઓ અને દિકરાઓ પણ ખરા કે જેને આપણે આજે પણ આ રીતે ઘરકામમાં સાથે જતા જોઈએ છીએ. ખેર! ફરીથી સરલાની વાત પર આવીએ તો,

સરલાની માતાનું અકાળે અવસાન થયું. સરલા હજી સાત જ વર્ષની છે અને ઘરે પિતા એકલા છે જેને ત્યાં સરલાની માતા કામ કરતી હતી તે બહેને સરલાને પોતાને ત્યાં બોલાવી. સરલાના પિતાએ મંજૂરી આપી. પહેલા બેન ખૂબ ભોલા અને સરલા બે ટાઈમ સારી રીતે જમે અને સાથોસાથ આખો દિવસ નાનું મોટું બધું જ કામ કર્યા કરે. સરલાએ તો માતા કરતા જ જોઈ જ હતી. એક દોઢ વર્ષમાં તો સરલા કામમાં તૈયાર થઈ ગઈ અને બધું જ ઘરકામ ઉપાડી લીધું સરલા આખા ઘરમાં પ્રિય બની ગઈ. સરલા વહેલી સવારે કામે પહોંચી જાય અને પોતના ઘરે સાંજે પાછી પહોંચી જાય. સરલાએ દસ વર્ષ પૂરા કર્યા કે ન કર્યા સરલાના પિતાનું અવસાન થયું. સરલાને ભાઈ બહેન પણ નથી અને પિતા પણ ભાડા વાળી ઓરડીમાં રહેતા હતા. લગભગ ગરીબાઈમાં એક પ્રાઈમસ, બે ગોદળા અને રસોઈના સામાન્ય વાંસણ એ સિવાય દેખીતી રીતે ઘરમાં કાંઈ જ નહોતું. એ ઘરનું શું થયું એ સરલાને કાંઈ ખબર નથી. સરલા પિતાનું અવસાન થતાં શેઠાણી સાથે કાયમી રહેવા પહોંચી ગઈ. આમ, પણ સરલા ઘરના તમામ સભ્યોથી વાકેફ હતી અને બધાના સ્વભાવથી પરિચીત હતી અને ઘરના સભ્યોની જેમ ગોઠવાઈ ગઈ.

સરલા મોટી થતી ગઈ. ઘરના સભ્યો ખાવાપીવા બાબતમાં ખૂબ જ સાચવે છે. સરલાને સારા કપડા પણ અપાવે છે અને દાદીમાને સરલા વગર ચાલતું જ નથી. પરંતુ સરલા આખો દિવસ કરે છે ઘરકામ અને દાદમાની સેવા. દાદીમા ખૂબ બિમાર પડયા. દાદીમાની દિવસ અને રાત સગી દિકરી હોય તેમ સરલાએ સેવા કરી. પાંચ થી સાત વર્ષ સુધી તો દાદીમા પથારીવશ રહયા. સરલાનું પણ એક જ જીવન અને ધ્યેય બની ગયું, માત્ર ને માત્ર દાદીમાની સારસંભાળ. ઘરના સભ્યો માટે પણ સારું હતું કે સરલા સતત ઘરમાં હોય તેથી કોઈપણ ને કયાંય પણ જવું હોય તો દાદીમાંની કોઈ ચિંતા નહીં.

સરલાને દિવસે ને દિવસે મોટી થતી ગઈ. પરંતુ સરલાને કોઈએ ભણવા ન મોકલી. સરલાને એ ખબર જ નથી તેણીએ ભણવું જોઈએ. સરલાતો ઘરની આજુબાજુમા પણ કોઈ દિવસ ગઈ નથી અને તેણીને એમ પણ થઈ ગયું કે તેણીનો જન્મ આ ઘરની સેવા માટે જ થયો છે.

થોડા સમય પહેલા વહેલી સવારના છ વાગ્યાના અરસામાં સરલા એક સામાજિક કાર્યકરના ઘરે પહોંચી તેણી વારંવાર વિનંતી કરે છે કે તેણી પોતાના ઘરે જવા માંગે છે. સરલાના ઘરની તપાસ કરતા સરલાનું તો પોતાનું તો કોઈ જ ઘર નહોતું અને આ કાર્યકર પણ સરલાને આમ તો સારી રીતે જાણતા હતા. સરલાને જે ઘરે છ વર્ષની ઉંમરે પહોંચી ગઈ તી અને પચાસના વર્ષની ઉંમર સુધી જે ઘરમાં રહી હતી તે જ ઘરે જવું હતું. સરલાને બીજી કોઈ વાત કોઈની સાંભળવી ન હતી.

સરલાના જીવનમાં છઠા વર્ષથી પચાસ વર્ષ સુધીની અડધી દષ્ટાંત આપણે ઉપરના પેરેગ્રાફમાં જોઈ છે. સરલાએ ઘર કેવી રીતે છોડયું હશે, સરલા કેવી વિષમ સ્થિતિમાં મુકાઈ હતી? સરલાએ કરેલું કામ એ 'વેઠપ્રથા' ગણી શકાય? સરલાની દષ્ટાંત સાથે મળીએ આવતા અંકે...